| | | | |
|---|---|---|---|
| Seat No.______ | SARDAR PATEL UNIVERSITY | | Printed Page: 2 |
| [9] | T.Y.B.A. EXAMINATION, VI SEMESTER | | |
| 28/7/2023, Friday | UA06 CGUJ34 GUJARATI PAPER-34 | | કુલ ગુણ : ૭૦ |
| 10.00 am to 01.00 pm | અપઠિત (અનસીન) | | |

પ્રશ્ન-૧ કોઇપણ એક કાવ્યનું રસદર્શન કરાવો. ૨૦

### ૧. કન્યાવિદાય

સમી સાંજનો ઢોલ ઢબૂકતો,
જાન ઊઘલતી મ્હાલે;
કેસરિયાળો સાફો ઘરનું,
ફળિયું લઈને ચાલે.
પાદર બેસી ફફડી ઉઠતી ઘરચોળાની ભાત,
ડૂસકે ડૂસકે હડસેલાતી બાળપણાની વાત.

પૈડું સીંચતા રસ્તો આખો કોલાહલમાં ખૂંપે,
શૈશવથી ચીતરેલી શેરી સૂનકારમાં ડૂબે.

જાન વળાવી પાછો વળતો દીવડો થરથર કંપે,
ખડકી પાસે ઊભો રહીને અજવાળાને ઝંખે.

સમી સાંજનો ઢોલ ઢબૂકતો,
જાન ઊઘલતી મ્હાલે;
કેસરિયાળો સાફો ઘરનું,
ફળિયું લઈને ચાલે.

- અનિલ જોશી

### ૨. વરસોનાં વરસ લાગે

ક્ષણોને તોડવા બેસું તો વરસોનાં વરસ લાગે
બુકાની છોડવા બેસું તો વરસોનાં વરસ લાગે

કહો તો આ બધાં પ્રતિબિંબ હું હમણાં જ ભૂંસી દઉં
અરીસો ફોડવા બેસું તો વરસોનાં વરસ લાગે

કમળતંતુ સમા આ મૌનને તું તોડ મા નાહક
ફરીથી જોડવા બેસું તો વરસોનાં વરસ લાગે

આ સપનું તો બરફનો સ્તંભ છે હમણાં જ ઓગળશે
હું એને ખોડવા બેસું તો વરસોનાં વરસ લાગે

મને સદ્ભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા
ચરણ લઈ દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે

-મનોજ ખંડેરિયા



પાછળ જુઓ

પ્રશ્ન-૨ <u>કોઇપણ એક</u> પરિચ્છેદનું વિવરણ કરો. ૨૦

યંત્રોથી ભરેલી આપણી દુનિયાએ જે અદ્દભુત પરાક્રમો કર્યાં છે તેમાં કંઈ આપણું મનુષ્યત્વ ઝળકતું નથી. એ તો નરી કરામતો છે, ને એવી કરામતો તો અતિશય બુદ્ધિશાળી પ્રાણીઓને કેળવીને તેમની પાસે પણ કરાવી શકાય. જગતમાં યંત્રો જેટલા પ્રમાણમાં વધતાં જાય છે તેટલા પ્રમાણમાં આપણું જીવન મધમાખો ને કીડીઓના જેવું, વ્યક્તિત્વ વિનાનું બનતું જાય છે.

આજની આપણી સંસ્કૃતિમાંથી સુજનતાનો લોપ થઈ ગયેલો છે, એટલે તે આત્મા વિનાના દેહ જેવી થઈ પડી છે. તેને મગજ છે પણ હૃદય નથી, સંકલ્પબળ છે પણ આત્મા નથી. તેનું મન જાગે છે પણ આત્મા સૂતેલો છે. પાવિત્ર્યની ઉપાસનાને બદલે આપણે સત્તાની પૂજા કરતા થઈ ગયા છીએ. અને સત્તા એ એવી મદિરા છે, જેની આગળ બીજા કેફી પદાર્થો હળવા ને મનને શાંત પાડનાર ગણાય.

- ડૉ.રાધાકૃષ્ણન

<u>અથવા</u>

બધા જ પ્રકારના શિક્ષણનો અંત, બધી કેળવણીનો ઉદ્દેશ્ય મનુષ્યને ખરો મનુષ્ય બનાવવો-ચારિત્ર્ય ઘડતર કરવું જ હોઈ શકે. માનવને એના વિકાસને પંથે ચડાવવો એ કેળવણીનું અંતિમ લક્ષ્ય છે. જે અભ્યાસથી ઇચ્છાશક્તિનો પ્રવાહ અને અભિવ્યક્તિ નિયંત્રણ હેઠળ લાવી શકાય તથા ફળદાયી બનાવી શકાય, તે છે કેળવણી. આપણા દેશને અત્યારે લોખંડી સ્નાયુઓ અને પોલાદી જ્ઞાનતંતુઓની જરૂર છે. જેનો કોઇ સામનો કરી ન શકે, વિશ્વનાં રહસ્યો અને કોયડાઓમાં પ્રવેશ કરી શકે અને સમુદ્રને તળિયે પહોંચીને મોતનો સામનો કરવો પડે તો તેમ કરીને પણ પોતાનો હેતુ પાર પાડી શકે તેવી જબરદસ્ત ઇચ્છાશક્તિની આપણે જરૂર છે. મર્દ બનાવનાર ધર્મની આપણને જરૂર છે; મર્દ બનાવનાર સિદ્ધાંતોની આપણને જરૂર છે. ચોમેર મર્દ બનાવનાર શિક્ષણની આપણને જરૂર છે.

- સ્વામી વિવેકાનંદ

પ્રશ્ન-3 નીચેનામાંથી <u>કોઇપણ ત્રણ</u> છંદ બંધારણ, ઉદાહરણ સહિત સમજાવો . ૧૫

| | | |
|---|---|---|
| ૧. સ્રગ્ધરા | ૨. ઉપેંદ્રવજ્રા | ૩. વસંતતિલકા |
| ૪. ચોપાઈ | ૫. કટાવ | ૬. તોટક |

પ્રશ્ન-૪ નીચેનામાંથી <u>કોઇપણ ત્રણ</u> અલંકાર વ્યાખ્યા, ઉદાહરણ સહિત સમજાવો. ૧૫

| | | |
|---|---|---|
| ૧. વ્યતિરેક | ૨. અતિશયોક્તિ | ૩. વ્યાજસ્તુતિ |
| ૪. સજીવારોપણ | ૫. અર્થાંતરન્યાસ | ૬.સ્વભાવોક્તિ |

---